| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | તારીખ :૩૦/૭/૨૧ | | |
| રજિસ્ટર તારીખ | તારીખ :૩૦/૭/૨૧ | | |
| ફેંસલ તારીખ | તારીખ: ૨૧/૦૪/૨૩ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | **૦૧** | **૦૮** | **૨૧** |

આંક:- ૫૮

IN THE COURT OF
7 th Additional District & Session Judge Ahemedabad (Rural)Mirzapur, Ahemedabad.

**Date of The judgement :21-04-2023**

Case No. **SESSION CASE NO.157.2021**

Details of F.I.R /Crime and Police Station :
સાણંદ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.ફ. ૧૧૧૯૨૦૫૦૨૧૦૦૪૯
ઈ.પી.કો.કલમ- ૩૦૨,૧૧૪ મુજબ.

| | |
|---|---|
| Complainant | સ્ટેટ ઓફ ગુજરાત |
| REPRESENTED BY | **વિ.એ.પી.પી. શ્રી એસ.બી. પટેલ.** |
| ACCUSED | **૧. સંજયભાઈ પ્રવિણભાઈ પરમાર<br>રહે. વાસણા, તા. સાણંદ, જી. અમદાવાદ.<br>૨. સંજુભાઈ બાબુભાઈ રાય<br>રહે. આલ્ફા કંપનીની ઓરડીમાં,ઉમા એસ્ટેટ ભાગ્યોદય હોટલ પાછળ, વાસણા, તા. સાણંદ, જી. અમદાવાદ.** |
| REPRESENTED BY | **વિ.વ. શ્રી આર.પી. ચૌહાણ.(૧), વિ.વ. શ્રી એચ.એસ. ભાવસાર (૨)** |

| | |
|---|---|
| Date of Offence | તા: ૨૨/૧/૨૦૨૧ |
| Date of F.I.R | તા:૨૩/૧/૨૦૨૧ |
| Date of Chargesheet | તા: ૧/૭/૨૦૨૧ |
| Date of Framing of Charges | તા: ૩૦/૧૧/૨૧ ( આંક:૦૭) |

| | |
|---|---|
| Date of commencement of evidence | તા: ૨૬/૪/૨૦૨૨ આંક:૧૨ |
| Date of which judgement is reserved | તા: ૮/૪/૨૦૨૩ |
| Date of the Judgement | તા:૨૧/૦૪/૨૦૨૩ |
| Date of the Sentencing Order, if any | |

## Accused Details.

| Rank of the accused | Name of Accused | Date of Arrest | Date of Release on Bail | Offences charged with | Whether Acquitted or convicted | Sentence Imposed | Period of Detention Under gone durring Trial for purpose of section 428 Cr.P.C. |
|---|---|---|---|---|---|---|---|
| ૧.<br><br>૨. | **૧. સંજયભાઈ પ્રવિણભાઈ પરમાર રહે. વાસણા, તા. સાણંદ, જી. અમદાવાદ.**<br><br>**૨. સંજુભાઈ બાબુભાઈ રાય રહે. આલ્ફા કંપનીની ઓરડીમાં,ઉમા એસ્ટેટ ભાગ્યોદય હોટલ પાછળ, વાસણા, તા. સાણંદ, જી. અમદાવાદ.** | તા: ૨૩/૧/૨૧ કલાક:૧૫-૦૦ | આરોપી જેલમા છે U.T.P. | સાણંદ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.ફ. ૧૧૧૯૨૦ ૫૦૨૧૦૦૪૯ ઈ.પી.કો.કલમ-૩૦૨,૧૧૪ મુજબ. | | | |

## LIST OF PROSECUTION / DEFFENCE/ COURT WITNESSES

### A. Prosecution.

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, ECPERT WITNESSE, MEDICAL WITNESSE, PUNCH WITNESSE, OTHER WITNESSE |
|---|---|---|
| PW 1 | રઘુવીરસિંહ હરદેવસિંહ વાઘેલાની સોંગદપરની જુબાની. આંક: ૧૨ | આંક: ૧૩ થી રજુ પંચનામાના પંચ ૧ |
| PW 2 | હાર્દીકભાઈ નીતીનભાઈ પટેલની સોંગદપરની જુબાની આંક: ૧૪ | આંક: ૧૩ થી રજુ પંચનામાના પંચ ૨ |
| PW 3 | સુનીલસિંહ દશરથસિંહ વાઘેલાની સોંગદપરની જુબાની આંક: ૧૭ | ગુનાવાળી જગ્યાનુ પંચનામાના પંચ નં.૧ |
| PW 4 | ઘનશ્યામસિંહ રામસિંહ વાઘેલાની સોંગદપરની જુબાની આંક: ૧૯ | ગુનાવાળી જગ્યાનુ પંચનામાના પંચ નં.૨ |
| PW5 | વિજયસિંહ રવિન્દ્રસિંહ વાઘેલાની સોંગદપરની જુબાની આંક: ૨૩ | મરણ જનારે પહેરેલ શર્ટનુ પંચનામાના પંચ નં. ૧ |
| PW6 | યોગેન્દ્રસિંહ મહીપતસિંહ વાઘેલાની સોંગદપરની જુબાની આંક: ૨૬ | મરણ જનારે પહેરેલ શર્ટનુ પંચનામાના પંચ નં. ૨ |
| PW7 | તેજેન્દ્રસિંહ ગુમાનસિંહ વાઘેલાની સોંગદપરની જુબાની આંક: ૨૭ | સાહેદ |
| PW8 | પ્રવિણભાઈ નટુભાઈ પરમારની સોંગદપરની જુબાની આંક: ૩૧ | ફરિયાદી. |
| PW9 | રાજેન્દ્રસિંહ નટુભાઈ પરમારની સોંગદપરની જુબાની આંક: ૩૩ | સાહેદ |
| PW10 | શારદાબેન પ્રવિણભાઈ પરમારની સોંગદપરની જુબાની આંક: ૩૪ | સાહેદ |
| PW11 | અર્જુનસિંહ ભીખાભાઈ પરમારની સોંગદપરની જુબાની આંક: ૩૫ | સાહેદ |

District & Sessions Court Ahmedabad(Rural)
सत्यमेव जयते

| | | |
|---|---|---|
| PW12 | સમીર સુભાષચંદ્ર જોષીની સોંગદપરની જુબાની આંક: ૩૭ | સાયન્સટીફીક ઓફિસર |
| PW13 | જશવંતભાઈ મફતભાઈ પટેલની સોંગદપરની જુબાની આંક: ૪૦ | પોલીસ સાહેદ |
| PW14 | ડોકટર કીન્નર રમેશભાઈ પટેલની સોંગદપરની જુબાની આંક:૪૩ | મેડીકલ ઓફિસર |
| PW15 | હસમુખભાઈ બચુભાઈ ગોહીલની સોંગદપરની જુબાની આંક: ૪૬ | પી.આઈ. |

## LIST OF PROSECUTION /DEFFENCE / COURT EXIHIBITS.

### A. Prosecution.

| Sr. No. | Exihibit Number | Description |
|---|---|---|
| 1. | Exihibit P-13/PW1 | પંચનામુ. |
| 2. | Exihibit P-18 /PW3 | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ. |
| 3. | Exihibit P-25/PW5 | મરણ જનારે બનાવ વખતે પહેરેલ શર્ટને કબજે કરેલાનુ પંચનામુ. |
| 4. | Exihibit P-32/PW8 | ફરિયાદ. |
| 5. | Exihibit P-38/PW12 | સ્થળ પરીક્ષણ અહેવાલ. |
| 6. | Exihibit P-39/PW12 | સ્થળ પરીક્ષણ કરવાની યાદી. |
| 5. | Exihibit P- 44/PW14 | પી.એમ. નોટ. |
| 6. | Exihibit P-45/PW14 | લાશનુ પી.એમ. કરવા મળેલ યાદી. |
| 7. | Exihibit P-47/PW15 | આરોપીએ બનાવ વખતે પહેરેલ કપડાનુ પંચનામુ. |
| 8. | Exihibit P-48/PW15 | સુચીપત્ર |
| 9. | Exihibit P-49/PW15 | મરણોત્તર રીપોર્ટ |
| 10. | Exihibit P-50/PW15 | રવાનગી નોંધ. |
| 11. | Exihibit P-51/PW15 | એફ.એસ.એલ.ની પહોંચ. |
| 12. | Exihibit P-52/PW15 | એફ.એસ.એલ.નો લેટર સાથેનો અહેવાલ. |
| 13. | Exihibit P-53/PW15 | સીરોલોજીનો રીપોર્ટ |
| 14. | Exihibit P-54/PW15 | જાહેરનામુ. |

### D. Material Objects.

| Sr. No. | Material Number | Description |
|---|---|---|
| 1. | MO 1 | <u>મુ. પાવતી નં. સાણંદ /૧૧૧૯૨૦૫૦૨૧૦૦૪૯/૨૧/MP/0001Dt. 31/1/2021</u><br>૧. એક લોહીના ડાઘવાળો RCCકોન્ક્રીટનો પત્થર<br>૨. એક લોહીના ડાઘવાળો RCCકોન્ક્રીટનો પત્થર ( ચોસલુ)<br>૩. એક લોહીના ડાઘવાળો RCCકોન્ક્રીટ કન્ટ્રોલ પત્થર ( ચોસલુ )<br>૪. લોહી વાળી માટી તથા ઘાસ<br>૫. કન્ટ્રલ માટી તથા ઘાસનો નમુનો.<br>૬. એક વાદળી કલરનુ જીન્સ પેન્ટ.<br><u>મુ. પાવતી નં. સાણંદ /૧૧૧૯૨૦૫૦૨૧૦૦૪૯/૨૧/MP/0002Dt. 23/1/2021</u><br>૧. મરણ જનારનો લોહીથી ખરડાયેલ શર્ટ કાળા કલરનો.<br><u>મુ. પાવતી નં. સાણંદ /૧૧૧૯૨૦૫૦૨૧૦૦૪૯/૨૧/MP/0003Dt. 23/1/2021</u><br>૧. આરોપી સંજયભાઈની ટીશર્ટ કાળા કલરની અને તેમા સફેદ કલરની ડીઝાઈન છે<br>૨. આરોપી સંજયભાઈનુ ક્રીમ કલરનુ પેન્ટ<br>૩. આરોપી સંજયની રાખોડી કલરની અડધી બાંયની ટીશર્ટ<br>૪. આરોપી સંજયનુ વાદળી કલરનુ પેન્ટ |

## – : : ચુ કા દો : : –

(૧). આ કામના આરોપીઓએ તા: ૨૨/૧/૨૦૨૧ ના કલાક: ૨૦–૦૦ વાગ્યાની આસપાસ મોજે ઉમા એસ્ટેટ ભાગ્યોદય હોટલની પાછળ,ખુલ્લા પ્લોટમા વાસણા ગામની સીમ ખાતે મરણ જનાર વિજયભાઈ પ્રવિણભાઈ પરમાર અવાર નવાર તમો આરોપીઓ સાથે ઝઘડો કરતા હોય તેની અદાવત રાખી વિજયભાઈ પ્રવિણભાઈ પરમારને પત્થરોથી મોઢાના ભાગે તથા માથાના ભાગે માર મારી ગંભીર ઈજાઓ કરી મોત નીપજાવી એકબીજાને મદદગારી કરી ભારતીય દંડ સહીંતતાની કલમ– ૩૦૨ સાથે વાંચતા ૧૧૪ મુજબનો શીક્ષાને પાત્ર ગુનો કરેલ છે તે મુજબની ફરિયાદીની ફરિયાદ આધારે પોલીસેસાણંદ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.ફ. ૧૧૧૯૨૦૫૦૨૧૦૦૪૯ ઈ.પી.કો.કલમ– ૩૦૨,૧૧૪ મુજબનો ગુનો નોંધેલ છે.

(૨) ત્યાર બાદ તપાસ કરનાર અધિકારીએ ફરિયાદ આધારે તપાસ કરી લાગતા વળગતા સાહેદોના નિવેદન મેળવી જરુરી પુરાવા એકત્ર કરી આરોપીઓ સામે આક્ષેપીત ગુનો કરેલાનુ પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવતા આક્ષેપીત ગુના સબબ ચાર્જશીટ તા: ૧/૭/૨૦૨૧ નારોજ સાણંદ કોર્ટમા રજુ કરેલ હતુ અને તે જે તે વખતે કોર્ટના રજીસ્ટ્રરે **સી.સી. નંબર: ૧૦૮૦/૨૦૨૧** થી નોંધાયેલ હતુ, અને આરોપી સામેનો આક્ષેપીત ગુનો જોતા તે મેજી. ટ્રાયેલબ ગુનો નાહોય અને તે સેસન્સ ટ્રાયેબલ ગુનો હોય જેથી સદર કેસ મેજી. કોર્ટથી સી.આર.પી.સી.ની ક:૨૦૯ અન્વયે કમીટ કરીને તા:૨૦/૭/૨૦૨૧ ના હુકમ અન્વયે સેસન્સ કોર્ટમા મોકલી આપતા તે સેસન્સ કોર્ટમા તા:૩૦/૭/૨૦૨૧ નારોજ **સેસન્સ કેસ નંબર .૧૫૭/૨૦૨૧** થી રેકર્ડ પર નોંધાયેલ છે.

(૩) ત્યારબાદ અત્રેની કોર્ટ દ્વારા C.R.P.C. ૨૦૭ અન્વયે ચાર્જશીટ તથા પોલીસ તપાસના તમામ કાગળની નકલો આરોપીઓને મળી ગયેલાની ખાતરી કરેલ.

(૪) અત્રેની કોર્ટમાં આરોપીઓ સામે આક્ષેપીત ગુના સાણંદ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.ફ. ૧૧૧૯૨૦૫૦૨૧૦૦૪૯ ઈ.પી.કો.કલમ–૩૦૨,૧૧૪ અન્વયે આંક–૦૭

તા: ૩૦/૧૧/૨૦૨૧ થી તહોમતનામું આરોપીઓ સામે ફરમાવી તે તહોમતનામું આરોપીઓને વાંચી સંભળાવી, સમજાવી, સી.આર.પી.સી.ની કલમ ૨૨૮(૨) અન્વયે આરોપીઓનું અનુક્રમે આંક-૦૮અને ૦૯ થી તા:૩૦/૧૧/૨૦૨૧ નારોજ નિવેદન લેતાં આરોપીઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરી અને પોતે કેસ આગળ ચલાવવા માંગતા હોય, હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરીને પુરાવો નોંધવામાં આવેલ છે.

(૫) ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી આધાર પુરાવા ફરિયાદપક્ષે પોતાની ફરિયાદ હકીકતના સમર્થનમાં અત્રેની કોર્ટના મૂલ્યાંકન અર્થે રજૂ કરીને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરિયાદપક્ષનો પુરાવો પૂરો કરેલ હોવાનું જાહેર કરેલ છે.

સદર કામે રજૂ થયેલ પુરાવા સંબંધી આરોપીઓનું ક્રિમિનલપ્રોસિજર કોડની કલમ-૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં તેઓએ મોટા ભાગે ખોટી વિગત અને ખોટી રજુઆત છે તેવી હકીકત જણાવેલ છે અને વિશેષમાં કાંઈ કહેવુ છે? તેના જવાબમાં તેઓએ જણાવેલ છે કે તેઓએ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી, તેઓ નિદોર્ષ છે, જેથી તેઓને આક્ષેપીત ગુનાના કામે નિદોર્ષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલી છે.

(૬) આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી.એસ.બી.પટેલની તથા આરોપી તરફે વિ.વ.શ્રી. ની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૭) સરકારપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ રજુઆત કરેલ છે કે,આ કામે ફરિયાદી તરફે રજુ કરવામા આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો તથા રજુ થયેલ સાયન્સટીફીક પુરાવો જોતા ફરિયાદી પક્ષ તેઓનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામા સફળ નિવડતા હોય અને તેથી આરોપીઓને આ ગુનાના કામે તકસીરવાન ઠરાવી કાયદા ઠરાવેલ સખતમા સખત સજા અને દંડ કરવા અરજ કરેલી છે.

(૮) જયારે આરોપીઓ તરફે તેઓના વિ.વ. શ્રી મારફતે આંક:૫૭ થી લેખિત દલીલ રજુ કરવામા આવેલ છે અને તેમા તેઓએ રજુઆત કરેલી છે કે, આ કામે ફરિયાદી

તરફે જે પુરાવો રજુ કરવામા આવેલ છે તેમા ફરિયાદી કે ફરિયાદી તરફે તપાસવામા આવેલા એક પણ સાહેદ પક્ષના કેસને સમર્થન કરતા નથી અને એક પણ સાહેદ એવી કોઈ જ હકીકત જણાવતા નથી કે આ કામના આરોપીઓ જ બનાવના દિવસે મરણ જનાર સાથે હતા અને તેઓએ જ મરણ જનારનુ ખુન કરેલ છે, અને ખુદ ફરિયાદી પણ તેઓએ પોલીસ રુબરુમા આપેલી ફરિયાદની વિગતને સમર્થન કરતા નથી,તેમજ તેમના દિકરાનુ ખુન કોણે કરેલ છે તેવી કોઈ સ્પષ્ટ હકીકત ફરિયાદમા જણાવેલ નથી, આ કામે આંક: ૩૭ ના સાહેદ તેઓના પુરાવામા ઉલટમા જણાવે છે કે નમુના જે કબજે લીધા તે સમયે પોલીસવાળા સિવાય કોઈ હાજર નહતુ, તેમજ ગુનાવાળી જગ્યાએ લોહીના જે ડાઘ છે તે જુના હતા કે નવા તે બાબતે કોઈ પરીક્ષણ તેઓએ કરેલ નથી, અને પરીક્ષણ બાબતનો કોઈ ઉલ્લેખ તપાસણી અહેવાલમા કરવામા આવેલ નથી તેમ પણ તેઓએ સ્વીકારેલ છે, તેમજ આ કામમા ગુનાના કામે વપરાયેલ લોહીવાળા પત્થર પોલીસે કબજે કરેલ નથી કે નામદાર કોર્ટમા રજુ કરવામા આવેલ નથી, તેમજ કયા પત્થરથી કયા આરોપીએ કયા ભાગમા ઈજા કરેલી તેવી કોઈ જ હકીકત સ્પષ્ટ રીતે સાબીત થતી નથી, તેમજ ગુનાના કામે વપરાયેલ પત્થરો કબજે કર્યાનુ ડીસકવરી કે રીકવરી પંચનામુ કરવામા આવેલ નથી, તેમજ આરોપી નં.ર ના પેન્ટ ઉપર જે લોહી મળી આવેલ છે તેનુ ગ્રૃપ અનિર્ણીત હોવાનુ સીરોલોજીકલ રીપોર્ટમા સાબીત થાય છે, તેમજ આરોપી નં.૧ નુ બ્લડ ગ્રૃપ તેમજ ગુજરનારનુ બ્લડ ગ્રૃપ એકજ હોવાની સીરોલોજીકલ રીપોર્ટ મુજબ સાબીત થાય છે, તેમજ એક પણ સાહેદે બનાવ નજરે જોયેલ નથી, પંચ સાહેદો ફરી ગયેલા છે, કોઈ સાંયોગીક પુરાવા રેકર્ડ પર આવેલા નથી, આમ આ કામના આરોપીઓએ જ આક્ષેપીત કૃત્ય આચરેલ છે તેવો કોઈ જ પુરાવો રેકર્ડ પર આવેલ નાહોય અને તે રીતે ફરિયાદી પક્ષ પોતાનો કેસ યોગ્ય પુરાવો આપી પુરવાર કરવામા સફળ નિવડેલા નાહોય અને તેના પરીણામ સ્વરુપ

ફરિયાદી પક્ષ તેઓનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામા સફળ નિવડતા નાહોય અને તેથી આરોપીઓને આક્ષેપીત ગુનાના કામે નિદોર્ષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલી છે.

(૯) ઉપરોકત હકીકતે સદરહુ કામના આખરી નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે એ પુરવાર કરે છે કે, આ કામે ભોગ બનનાર વિજયભાઈ પ્રવિણભાઈ પરમારનાઓનું તા.૨૨/૧/૨૦૨૧ નાં રોજ અકુદરતી મૃત્યુ થયેલુ છે?

૨. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબીત કરે છે કે, તમો આરોપીઓએ તા: ૨૨/૧/૨૦૨૧ ના કલાક: ૨૦-૦૦ વાગ્યાની આસપાસ મોજે ઉમા એસ્ટેટ ભાગ્યોદય હોટલની પાછળ,ખુલ્લા પ્લોટમા વાસણા ગામની સીમ ખાતે મરણ જનાર વિજયભાઈ પ્રવિણભાઈ પરમાર અવાર નવાર તમો આરોપીઓ સાથે ઝઘડો કરતા હોય તેની અદાવત રાખી વિજયભાઈ પ્રવિણભાઈ પરમારને પત્થરોથી મોઢાના ભાગેતથા માથાના ભાગે માર મારી ગંભીર ઈજાઓ કરી મોત નીપજાવી એકબીજાને મદદગારી કરી ભારતીય દંડ સહીંતતાની કલમ- ૩૦૨ સાથે વાંચતા ૧૧૪ મુજબનો શીક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૩. શું હુકમ?

(૧૦) ઉપરોકત મુદ્દાના નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ – હકારાત્મક

મુદ્દા નં.૨ – નકારાત્મક

મુદ્દા નં.૩ આખરી હુકમ મુજબ.

(૧૧) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.

**-: કારણો :-**

(૧૨) **<u>મુદ્દા નં.૧ :-</u>**

(૧૩) આ કામે અત્રેની અદાલતના રેકર્ડ ઉપર રજૂ થયેલ પુરાવાની હકીકત ધ્યાને લેવામાં આવે તો મુદ્દા નં.૧ સંદર્ભે રજુ રેકર્ડ પરનો પુરાવો જોતા ફરિયાદ તેમજ કરવામા આવેલ આક્ષેપ,ઈન્કવેસ્ટ પંચનામુ, ગુનાવાળી જગ્યાનુ પંચનામુ, વર્ધી પી.એમ. રીપોર્ટ, અને તેમા વર્ણન કરેલ ઈજા અને તે કારણે ઈજા પામનારનુ થયેલ મૃત્યુનુ દર્શાવેલ કારણ જોતા તેમાં મરણ જનારને જે ઈજાઓ થયેલી છે તેના કારણે મૃત્યુ થયેલાનુ જણાવેલ છે અને તે જોતા મરણ જનારનુ મૃત્યુ મૃત્યુ કુદરતી નહીં, પરંતુ અકુદરતી મૃત્યુ હતુ. જે સંજોગોમાં મુદ્દા નં.૧ નો જવાબ '**હકારાત્મક** આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૨ :-</u>**

(૧૪) આ કામે ફરીયાદ પક્ષ તરફે આંક: ૧૨ થી પંચ નં.૧ રઘુવીરસિંહ હરદેવસિંહ વાઘેલાને સોંગદપર તપાસવામા આવેલા છે અને તેઓએ તેમના કોર્ટ રુબરુમાના સરતપાસના પુરાવામા એવી વિગત જણાવેલ છે કે, તા: ૨૩/૧/૨૧ નારોજ તેમના ગામ ઈયાવા વાસણા નજીક આવેલ ભાગ્યોદય હોટલ ઉપર બેઠા હતા ત્યારે સાંણદ પોલીસ સ્ટેશનના પોલીસ વાળા ત્યાં આવેલા, અને તેઓને એક લખેલા કાગળમા સહી કરવાનુ કહેતા કરી આપેલી, તેમા શું લખેલ તે તેઓને વાંચી સંભળાવેલ નહી, કે તેઓએ વાંચેલ નહી સહી કરવા સિવાય બીજુ કાંઈ જાણતા નથી, આમ આ સાહેદનો સરતપાસનો પુરાવો જોતા તેઓને ફરિયાદ પક્ષ તરફે ફરી ગયેલા જાહેર કરવામા આવેલા છે તેમજ આ સાહેદની આરોપીઓ તરફે કોઈ ઉલટ તપાસ કરવામા આવેલી નથી અને આમ આ સાહેદનો પુરાવો જતા તેઓ આંક:૧૩ થી રજુ પંચનામાને લેશમાત્ર સમર્થન કરતા નથી અને સદર પંચનામાની કાર્યવાહી તેઓના જોયા અને લખાવ્યા મુજબ જ પોલીસે લખી લીધેલી છે તેવી કોઈ જ હકીકત જણાવતા નાહોય અને આ સાહેદનો પુરાવો જોતા આંક:૧૩ ના પંચનામાની કાર્યવાહી બાબતે શંકા ઉત્પન્ન થતી અને તે સંજોગોમા આ સાહેદનો પુરાવો ફરિયાદ પક્ષના કેસને મદદકર્તા બની શકે નહી.

(૧૫) ફરિયાદી તરફે આંક: ૧૪ થી સાહેદ હાર્દીકભાઈ નીતીનભાઈ પટેલને સોંગદપર

તપાસવામા આવેલા છે અને તેઓએ તેમના સરતપાસના પુરાવામા એવી વિગત જણાવેલ છે કે,તા: ૨૩/૧/૨૧ ના રોજ સાંણદ પોલીસના કહેવાથી તેઓ સાણંદ સામુહીક આરોગ્ય કેન્દ્રના પી.એમ. રુમમા ગયેલા અને ત્યાં પોલીસે તેઓને એક લાશ બતાવેલી, જે લાશ પુરુષની હતી, લાશને જોતા તેના માથાના ભાગે વાગેલુ હતુ, તથા છાતીના ભાગે તથા હાથ ઉપર વાગેલુ હતુ, મોઢાના ભાગે ઈજા હતી, મોઢુ ત્રાસુ થઈ ગયેલ હતુ, મરણ જનારના પિતા હાજર હતા, મરણ જનારનુ નામ વિજય વિજય કહેતા હતા, પોલીસે આ બધી વિગત લખી તેઓની સહી કરાવેલી અને આંક:૧૩ ના પંચનામામા તેઓની સહી હોવાનુ ઓળખી બતાવે છે.

(૧૫.૧) જયારે આ સાહેદની આરોપી તરફે તેઓના વિ.વ. શ્રી મારફતે ઉલટ તપાસ કરવામા આવેલી છે અને તેમા તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે લાશને અડીને જોયેલ હોય અને તેઓએ લખાવેલ હોય તેવુ બનેલ નથી, પરંતુ પોલીસે તેમની રીતે લખી લીધેલ છે, અને તેમા તેઓએ માત્ર સહી કરેલી.

(૧૫.૨) આમ આ સાહેદનો સમગ્ર પુરાવો જોતા આ સાહેદ પણ સદર આંક:૧૩ ના પંચનામાની વિગતને લેશમાત્ર સમર્થન કરતા નથી અને તેઓ પણ પુરાવામા સ્પષ્ટ રીતે જણાવે છે કે પોલીસે તેમની રીતે લખી લીધેલ અને તેઓએ માત્ર તેમા સહી કરેલી છે અને તે સંજોગોમા આ સાહેદનો પુરાવો પણ ફરિયાદ પક્ષના કેસને મદદકર્તા બની શકે નહી.

(૧૬) ફરિયાદી તફરે આંક: ૧૭ થી સાહેદ સુનીલસિંહ દશરથસિંહ વાઘેલાને સોંગદપર તપાસવામા આવેલા છે અને તેઓએ તેમના પુરાવામા એવી વિગત જણાવેલ છે કે, તા:૨૩/૧/૨૦૨૧ નારોજ ઉમા એસ્ટેટમા ચા ની લારી ઉપર ચા પીવા બેઠા હતા ત્યારે પોલીસે આવીને તેમને કહેલ કે ખુનનો બનાવ બનેલ છે અને પંચનામુ કરેલ છે તો તેમો સહી કરી દો અને તેઓએ તે કાગળ વાંચેલ નહી કે પોલીસે તેઓને વાંચી સંભળાવેલ નહી, સહી કરવા સિવાય તેઓ બીજી કોઈ મહત્વની વિગત જાણતા નથી. આ સાહેદનો આરોપીઓ તરફે કોઈ ઉલટ તપાસ કરવામા આવેલી નથી જયારે આ સાહેદને સરકાર તરફે વિમુખ જાહેર કરવામા આવેલા છે અને આમ આ સાહેદ આંક:૧૮ ના પંચનામાની વિગતને લેશમાત્ર સમર્થન કરતા

નાહોય અને માત્ર તેમા સહી કર્યા સિવાય બીજી કોઈ મહત્વની વિગતે પુરાવો આપતા નાહોય અને તે સંજોગોમા આ સાહેદનો પુરાવો પણ ફરિયાદ પક્ષના કેસને મદદકર્તા બની શકે નહી.

(૧૭) ફરિયાદી તરફે આંક: ૧૯ થી સાહેદઘનશ્યામસિંહ રામસિંહ વાઘેલાને સોંગદપર તપાસવામા આવેલા છે અને તેઓએ પંચ નં.૧ ની વિગતે પુરાવો આપી માત્ર તૈયાર કાગળમા અને બીજા છ કાગળમા પોલીસના કહેવાથી સહી કરેલાની જ હકીકત જણાવે છે સદર પંચનામુ તેઓએ કે અન્ય પંચ નં.૧ નાએ જોયા અને લખાવ્યા મુજબ લખી લેવામા આવેલ હોય તેવી કોઈ જ હકીકત જણાવતા નાહોય અને તે સંજોગોમા આ સાહેદનો પુરાવો ફરિયાદ પક્ષના કેસને મદદકર્તા બની શકે નહી.

(૧૮) ફરિયાદી તરફે આંક: ૨૩ થી સાહેદ વિજયસિંહ રવિન્દ્રસિંહ વાઘેલાને સોંગદપર તપાસવામા આવેલા છે અને તેઓએ તેમના કોર્ટ રુબરુમાના સરતપાસના પુરાવામા એવી વિગત જણાવેલ છે કે, તા: ૨૩/૧/૨૦૨૧ ના રોજ તેઓ તેમના ગામના ભાગોળે બેઠા હતા ત્યારે પોલીસે આવી એક ટાઈપ કરેલા કાગળમા તેમની સહી કરાવેલી, તેમા શું લખેલ તે વાંચેલ નહી અને તેઓને પોલીસે વાંચી સંભળાવેલ નહી, તેઓ સહી કરવા સિવાય બીજુ કાંઈ જાણતા નથી,આમ આ સાહેદની સરતપાસનો પુરાવો જોતા આ સાહેદને સરકાર તરફે ફરી ગયેલા જાહેર કરવામા આવેલા છે જયારે આ સાહેદની આરોપીઓ તરફે તેઓના વિ.વ. શ્રી મારફતે જે ઉલટ તપાસ કરવામા આવેલી છે તેમા પણ તેઓ માત્ર સહી કરેલાની જ વિગતે પુરાવો આપતા હોય અને બીજી કોઈ મહત્વની હકીકતે પુરાવો આપતા નાહોય અને આંક:૨૫ થી રજુ પંચનામાની વિગતે સમર્થન કરતા નાહોય અને તે સંજોગોમા આ સાહેદનો પુરાવો ફરિયાદ પક્ષના કેસને મદદકર્તા બની શકે નહી.

(૧૯) ફરિયાદી તરફે આંક: ૨૬ થી સાહેદ યોગેન્દ્રસિંહ મહીપતસિંહ વાઘેલાને સોંગદપર તપાસવામા આવેલા છે અને તેઓ પંચ નં.૧ ની વિગતે પુરાવો આપે છે અને તેઓ પણ આંક:૨૫ થી રજુ પંચનામાની વિગતને સમર્થન કરતા નાહોય અને તૈયાર પંચનામામા સહી કરેલાની વિગત જણાવતા હોય અને તે સંજોગોમા આ સાહેદનો પુરાવો પણ ફરિયાદ પક્ષના કેસને મદદકર્તા બની શકે નહી.

(૨૦) ફરિયાદી તરફે આંક: ૨૭ થી સાહેદ તેજેન્દ્રસિંહ ગુમાનસિંહ વાઘેલાને સોંગદપર તપાસવામા આવેલા છે અને તેઓએ તેમના કોર્ટ રુબરુમાના પુરાવામા એવી વિગત જણાવેલ છે કે, તા. ૨૨/૧/૨૦૨૧ ના રોજ હુ રાત્રીના મારા ઘરે હાજર હતો ત્યારે છોકરાઓએ બુમો પાડેલી જેથી હુ ઘરની બહાર નીકળેલો. હુ પ્રવિણભાઈના ઘરે ગયેલો અને તે વખતે તેઓ બધા ઘરની બહાર હતા. અને પ્રવિણભાઈ તથા ગામના ઘણા બધા માણસો સ્થળ ઉપર ગયેલા. હુ પાછળથી ગયેલો અને સ્થળથી દુર ઉભો રહેલો. સ્થળ ઉપર ૧ ૦૦ માણસો હતા. જે જગ્યા ઉમા એસ્ટેટ આગળ હુ ગયેલો. ત્યા ખાલી હુ ઉભો રહેલો. મે કોઈને કાઈ પુછેલુ નહી. ત્યા શુ બનાવ બનેલો હતો તેની મને ખબર નથી. પોલીસ કોઈને ત્યા જવા દેતી ન હતી. શુ બનાવ બનેલો તેની મને કોઈ ખબર પડેલી નહી. હુ ત્યા એટલા માટે ગયેલો કે, સંજય પ્રવિણભાઈ પરમારનો ઝઘડો થયેલો છે. સંજયભાઈ મારા ઘરની સામે રહે છે અને તેઓને પોલીસ લઈ ગયેલી. જયારે આ સાહેદની આરોપીઓ તરફે કોઈ ઉલ્ટ તપાસ કરવામા આવેલ નથી, આમ આ સાહેદનો સમગ્ર પુરાવો જોતા તેઓ ફરિયાદની વિગતે કે તેઓના પોલીસ રુબરુમા આપેલ સ્ટેટમેન્ટની વિગતે સમર્થન કરતા નાહોય જેથી તેઓને સરકાર તરફે વિમુખ જાહેર કરવામા આવેલા હોય અને તેઓને બનાવ શું બનેલ તેની ખબર નાહોય અને તેઓએ બનાવ સબંધી કોઈને પુછેલ પણ નાહોય અને તે સંજોગોમા આ સાહેદનો પુરાવો ફરિયાદ પક્ષના કેસને મદદકર્તા બની શકે નહી.

(૨૧) ફરિયાદી તરફે આંક: ૩૧ થી સાહેદ પ્રવિણભાઈ નટુભાઈ પરમારને સોંગદપર તપાસવામા આવેલા છે અને તેઓએ તેમના કોર્ટ રુબરુમાના પુરાવામા એવી વિગત જણાવેલ છે કે, તા. ૨૨/૧/૨૦૨૧ ના રોજ હુ ઘરે હાજર હતો ત્યારે રાત્રે અમારા મકાનની સામે રહેતા તેજેન્દ્રસીંહ વાઘેલાનાઓ અમારા ઘરે આવેલ અને મને તથા મારી પત્નીને બુમ મારી ઉઠાડેલ અને જણાવેલ કે, તમારા દીકરા વિજયની લાશ ભાગ્યોદય હોટલ પાછળ આવેલ ખુલ્લી જગ્યામા પાણીમા પડેલ છે. જેથી હું તથા તેજેન્દ્રસીંહ ભાગ્યોદય હોટલની પાછળ ઉમા એસ્ટેટમા આવતા ખુલ્લા પ્લોટની બાજુમા પાણીની તલાવડીમા મારા દીકરા વિજયની લાશ પડેલ હતી. અને મે લાઈટના અજવાળે જોતા તેને મોઢાના ભાગે તથા માથાના ભાગે પથ્થરો

મારેલ હતા અને લોહી લુહાણ હાલતમા પડેલ હતો. ત્યા આગળ અમારા ગામના ઘણા માણસો ભેગા થઈ ગયેલ હતા અને તે પછી મારા દીકરાની લાશ અમો સાણંદ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લાવી ફરીયાદ કરવા ગયેલ. એવુ બનેલ નહી કે, તેજેન્દ્રસીંહે મને તેમ જણાવેલ કે, તમારા દીકરા સંજયને તથા વિજયને ભાગ્યોદય હોટલ પાછળ ઉમા એસ્ટેટમા રાત્રીના ૮ વાગે ઝઘડો થયેલ છે અને તમારા દીકરા વિજયને સંજયભાઈ તથા તેનો મિત્ર સંજુભાઈ રાય બંનેએ પથ્થરો મારતા મરણ ગયેલ છે. મેં મારી ફરીયાદમા એવુ પણ કાઈ લખાવેલ નહીકે, મારો દીકરો વિજય અવારનવાર મારા દીકરા સંજયભાઈ તથા તેના મિત્ર સંજુ બાબુભાઈ રાય વાસણા સાથે અવારનવાર ઝઘડો કરતા હોઈ જેથી આ બંને જણાએ તેની અદાવત રાખી આજ રોજ સાંજના ૮ વાગ્યાના સુમારે ભાગ્યોદય હોટલ પાછળ ઉમા એસ્ટેટમા આવેલ ખુલ્લા પ્લોટમા પથ્થરથી મોઢાના ભાગે તથા માથાના ભાગે માર મારી ગંભીર ઈજાઓ કરી મોત નીપજાવેલ. મને નિ. ૧૦/૧ વાળી ફરીયાદ બતાવવામા આવે છે જેમા મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ. જેને રજુ દાખલ આંક–૩૨ આપવામા આવે છે. આમ સદર સાહેદની સરતપાસનો પુરાવો જોતા તેઓને સરકાર તરફે ફરી ગયેલા જાહેર કરવામા આવેલા છે.

(૨૧.૧) જયારે આ સાહેદની આરોપી તરફે તેઓના વિ.વ. શ્રી મારફતે ઉલટ તપાસ કરવામા આવેલી છે અને તેમા તેઓએ જણાવેલ છે કે,એ વાત ખરી છે કે, હુ ફરીયાદ લખાવવા ગયો ત્યારે ગામના અન્ય રહીશો પણ આવેલા. એ વાત ખરી છે કે, મારા દીકરાનુ અવસાન થયેલ હોઈ હુ દુખી હતો અને તેથી ગામ લોકોએ ફરીયાદ લખાવેલી અને પોલીસે તેમા મારી સહી કરાવેલી. એ વાત ખરી છે કે, આંક–૩૨ વાળી ફરીયાદમા શું હકીકત લખાવેલી છે તેની મને ખબર નથી.

(૨૧.૨) આમ સદર સાહેદનો સમગ્ર પુરાવો જોતા આ સાહેદ આક્ષેપીત ગુનાની ફરિયાદ આપનાર છે અને તેમ છતાં તેઓએ પોલીસ રુબરુમા જે ફરિયાદ આપેલી છે તેને લેશમાત્ર સમર્થન કરતા નથી અને તેઓના પુરાવામા સ્પષ્ટ રીતે જણાવે છે કે એ વાત ખરી છે કે, મારા દીકરાનુ અવસાન થયેલ હોઈ હુ દુખી હતો અને તેથી ગામ લોકોએ ફરીયાદ લખાવેલી અને

પોલીસે તેમા મારી સહી કરાવેલી. એ વાત ખરી છે કે, આંક–૩૨ વાળી ફરીયાદમા શું હકીકત લખાવેલી છે તેની મને ખબર નથી. આમ આ સાહેદ પોતે ફરિયાદ લખાવ્યાનો જ ઈન્કાર કરતા હોય તે સંજોગોમા આ સાહેદનો પુરાવો ફરિયાદ પક્ષના કેસને મદદકર્તા બની શકે નહી.

(૨૨) ફરીયાદ પક્ષ તરફે આંક:૩૩ થી સાહેદ રાજેન્દ્રસિંહ નટુભાઈ પરમારને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને તેઓએ કોર્ટ રુબરુમા પુરાવો આપતા એવી વિગત જણાવેલ છે કે એવુ બનેલ નહી કે, મે મારા પોલીસ નીવેદનમા એવી હકીકત લખાવેલ હોઈ કે, તા. ૨૩/૧/૨૦૨૧ ના રોજ સવારે ૬ વાગે મારા ભાભી શારદાબેનનો વાસણા ગામેથી ફોન આવેલો અને તેમણે જણાવેલ કે, ગઈ કાલે રાત્રે સંજય તથા વિજયને ઝઘડો થતા સંજયે તેન મિત્ર સંજુભાઈ રાય સાથે મળીને ગઈ કાલ રાત્રીના આઠેક વાગ્યાના સુમારે ઉમા એસ્ટેટમા ભાગ્યોદય હોટલની પાછળ વિજયને મોઢાના ભાગે તથા માથાના ભાગે પથ્થરો વડે વિજયને મારી નાખેલ છે. અને વિજયની લાશ સાણંદ સરકારી દવાખાને લઈ ગયેલ. જેથી હુ અમદાવાદથી સાણંદ સરકારી દવાખાને આવેલો અને ત્યા આગળ મારા ભત્રીજાની લાશનુ પી.એમ થયા બાદ લાશનો કબજો મને સોંપતા હું વિજયની લાશ વાસણા લઈ જઈને તેની લાશની સ્મશાન વીધી કરેલ છે. એવુ બનેલ નથી કે, મે મારા પોલીસ રુબરુ નિવેદનમા એવી હકીકત લખાવેલ કે, આ વિજયભાઈ પ્રવિણભાઈ પરમાર તથા સંજયભાઈ પ્રવિણભાઈ પરમારનાઓ અવારનવાર ઝઘડતા હતા જેની અદાવત રાખી સંજય તથા તેના મિત્ર સંજુ બાબુભાઈ રાય રહે. વાસણા નાઓ સાથે મળી ગઈ કાલ સાંજના આઠ વાગ્યાના સુમારે ભાગ્યોદય હોટલ પાછળ, ઉમા એસ્ટેટમા આવેલ ખુલ્લા પ્લોટમા વિજયભાઈ પ્રવિણભાઈ પરમારને પથ્થરથી મોઢાના ભાગે તથા માથાના ભાગે માર મારી ગંભીર ઈજાઓ પહોચાડી તેનુ મોત નીપજાવેલ છે. સદર સાહેદને સરકાર તરફે વિમુખ જાહેર કરવામા આવેલા છે અને આ સાહેદની આરોપીઓ તરફે તેઓના વિ.વ. શ્રી મારફતે જે ઉલટ તપાસ કરવામા આવેલી છે અને તેમા તેઓએ કોઈ વિશેષ મહત્વની હકીકત જણાવેલ નથી તેમજ પોલીસે તેઓનુ નિવેદન નોંધેલાનો ઈન્કાર કરેલ છે અને આમ આ સાહેદ ફરિયાદની

વિગતને કે તેઓએ આપેલ પોલીસ રુબરુમાના સ્ટેટમેન્ટની વિગતને સમર્થન કરતા નાહોય અને તે સંજોગોમા આ સાહેદનો પુરાવો ફરિયાદ પક્ષના કેસને મદદકર્તા બની શકે નહી.

(૨૩) ફરિયાદી તરફે આંક: ૩૪ થી સાહેદ શારદાબેન પ્રવિણભાઈ પરમારને સોંગદપર તપાસવામા આવેલા છે અને તેઓએ તેમના કોર્ટ રુબરુમાના સરતપાસના પુરાવામા એવી વિગતે પુરાવો આપેલ છે કે, તા. ૨૨/૧/૨૦૨૧ ના રોજ હુ ઘરે હાજર હતી ત્યારે રાત્રે અમારા મકાનની સામે રહેતા તેજેન્દ્રસીંહ વાઘેલાનાઓ અમારા ઘરે આવેલ અને મને તથા મારા પતિને બુમ મારી ઉઠાડેલ અને જણાવેલ કે, તમારા દીકરા વિજયની લાશ ભાગ્યોદય હોટલ પાછળ આવેલ ખુલ્લી જગ્યામા પાણીમા પડેલ છે. જેથી મારા પતિ તથા તેજેન્દ્રસીંહ ભાગ્યોદય હોટલની પાછળ ઉમા એસ્ટેટમા આવતા ખુલ્લા પ્લોટની બાજુમા પાણીની તલાવડીમા મારા દીકરા વિજયની લાશ પડેલ હતી. અને મારા પતિએ લાઈટના અજવાળે જોતા તેને મોઢાના ભાગે તથા માથાના ભાગે પથ્થરો મારેલ હતા અને લોહી લુહાણ હાલતમા પડેલ હતો. ત્યા આગળ અમારા ગામના ઘણા માણસો ભેગા થઈ ગયેલ હતા અને તે પછી મારા દીકરાની લાશ મારા પતિ સાણંદ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લાવી ફરીયાદ કરવા ગયેલ હતા.એવુ બનેલ નહી કે, તેજેન્દ્રસીંહે અમોને તેમ જણાવેલ કે, તમારા દીકરા સંજયને તથ વિજયને ભાગ્યોદય હોટલ પાછળ ઉમા એસ્ટેટમા રાત્રીના ૮ વાગે ઝઘડો થયેલ છે અને તમારા દીકરા વિજયને સંજયભાઈ તથા તેનો મિત્ર સંજુભાઈ રાય બંનેએ પથ્થરો મારતા મરણ ગયેલ છે. મેં મારા નિવેદનમા એવુ પણ કાઈ લખાવેલ નહીકે, મારો દીકરો વિજય અવારનવાર મારા દીકરા સંજયભાઈ તથા તેના મિત્ર સંજુ બાબુભાઈ રાય વાસણા સાથે અવારનવાર ઝઘડો કરતા હોઈ જેથી આ બંને જણાએ તેની અદાવત રાખી આજ રોજ સાંજના ૮ વાગ્યાના સુમારે ભાગ્યોદય હોટલ પાછળ ઉમા એસ્ટેટમા આવેલ ખુલ્લા પ્લોટમા પથ્થરથી મોઢાના ભાગે તથા માથાના ભાગે માર મારી ગંભીર ઈજાઓ કરી મોત નીપજાવેલ. આમ સદર સાહેદની સરતપાસનો પુરાવો જોતા આ સાહેદને ફરીયાદી પક્ષે વિમુખ જાહેર કરવામા આવેલા છે જયારે આ સાહેદની આરોપી તરફે તેઓના વિ.વ. શ્રી મારફતે ઉલટ તપાસ કરવામા આવેલી છે અને તેમા તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી

છે કે, પોલીસે મને માત્ર મારુ નામ સરનામુ પુછેલુ આ સીવાય કાઈ પુછેલુ નહી. આમ આ સાહેદ પણ ફરિયાદની વિગતને કે તેઓએ આપેલા પોલીસ રુબરુમાના સ્ટેટમેન્ટની વિગતને સમર્થન કરતા નાહોય અને પોલીસે માત્ર તેઓનુ નામ સરનામુ પુછેલાની વિગત જણાવતા હોય તે સંજોગોમા આ સાહેદનો પુરાવો ફરિયાદ પક્ષના કેસને મદદકર્તા બની શકે નહી.

(૨૪) ફરિયાદી તરફે આંક: ૩૫ થી સાહેદ અર્જુનસિંહ ભીખાભાઈ પરમારને સોંગદપર તપાસવામા આવેલા છે અને તેમા તેઓએ જણાવેલ છે કે, મારા ભત્રીજા સંજયનો મારી ઉપર ફોન આવેલ નહી. તેને મને ઝઘડો થયાની કે તકરાર થયાની કોઈ વાત કરેલ નહી. મરનાર વિજય મારો ભત્રીજો થાય છે. સંજય અને વિજય બંને સગા ભાઈઓ થાય છે. એવુ બનેલ નહી કે, સંજય અને વિજય અવારનવાર ઝઘડતા હતા જેથી સંજય અને તેના મિત્ર સંજુભાઈએ સાથે મળી વિજયને મોઢાના ભાગે તથા માથાના ભાગે પથ્થર મારી ગંભીર ઈજા કરી મોત નીપજાવેલ. હું આરોપી નં. ૧ સંજયને ઓળખુ છુ. પોલીસે મારી પુછપરછ કરેલી નહી. આમ આ સાહેદનો પુરાવો જોતા આ સાહેદને પણ સરકાર તરફે ફરી ગયેલા જાહેર કરવામા આવેલા છે અને આરોપીઓ તરફે આ સાહેદનો ઉલટતપાસ કરવામા આવેલી નથી આમ આ સાહેદ ફરિયાદની વિગતને કે તેઓએ આપેલ પોલીસ રુબરુમાના જવાબની વિગતને લેશમાત્ર સમર્થન કરતા ના હોય અને તેઓના પુરાવામા જણાવતા હોય કે પોલીસે તેઓની પુછપરછ કરેલી નહી અને તે સંજોગોમા આ સાહેદનો પુરાવો પણ ફરિયાદ પક્ષના કેસને મદદકર્તા બની શકે નહી.

(૨૫) ફરિયાદી તરફે આંક: ૩૭ થી સાહેદ સમીર સુભાષચંદ્ર જોષીને સોંગદપર તપાસવામા આવેલા છે અને તેઓએ તેમના કોર્ટ રુબરુમાના પુરાવામા એવી વિગત જણાવેલ છે કે, તા. ૨૩/૧/૨૦૨૧ ના રોજ હું સાયન્ટીફીક ઓફીસર મોબાઈલ ઈન્વેસ્ટીગેશન વાન અમદાવાદ ગ્રામ્ય પર મારી ફરજ ઉપર હાજર હતો તે દરમિયાન અમદાવાદ ગ્રામ્ય કંટ્રોલ રુમ તરફથી અમોને ટેલીફોનીક વર્ધી મળેલ કે, સાણંદ પો.સ્ટે. ખાતે ગુના રજિસ્ટર નં. એ ૪૯/૨૦૨૧ ના કામે ગુનાવાળી જગ્યાનુ પરીક્ષણ કરવાનુ છે. આ વર્ધીના

District & Sessions Court Ahmedabad Rural

અનુસંધાને હું સાણંદ પો.સ્ટે ખાતે ગયેલ. ત્યાં હાજર તપાસ અધીકારી એચ.બી.ગોહીલ પો. ઈન્સ. નાઓને મળેલ અને બનાવથી વાકેફ થઈ જેની ટુંકી વીગત મે મારા પરીક્ષણ અહેવાલમા દર્શાવેલ છે. તપાસ અધીકારીનાઓએ ગુના સંબંધીત સ્થળ બતાવતા મોજે વાસણા ગામની સીમ ભાગ્યોદય હોટલની પાછળ, ખુલ્લી જગ્યામાનું હતુ. સદર જગ્યાએ પાણીની તલાવડી નજીક ખુલ્લા પ્લોટવાળી જગ્યાએ વનસ્પતિ જન્ય કચરો, ઘાસ, આર.સી.સી કોન્ક્રીટનો કાટમાળ, નાના મોટા કાંકરાવાળી જગ્યાએ રુધિરની સકારાત્મક હાજરી બતાવતા છુટાછવાયા ડાઘા, ધબ્બા જોવા મળેલ અને સદર સ્થાને થી દક્ષિણ તરફ આશરે ૨૫ ફુટ અંતર સુધી કાચી રોડાવાળી જમીન પર ઘસડાવાના નિશાન હતા. બનાવ સ્થળે વાદળી રંગનું જિન્સનુ પેન્ટ તથા રુધિરની સકારાત્મક હાજરી બતાવતા ૧૨ × ૧૧ ઈંચ અને ૧૧ × ૮ ઈંચ સાઈઝના બે આર.સી.સી ચોસલા પથ્થર હતા જે બાજુમાથી કંટ્રોલ પથ્થર સહીત કબજે લેવડાવેલ. તેમજ પેન્ટ પણ કબજે લેવડાવેલ. બનાવ સ્થળે આજુબાજુ જોતા ઘાસ માટી ઉપર રુધીરની સકારાત્મક હાજરી બતાવતો ધબ્બો હતો. જે કંટ્રોલ ઘાસ માટી સહીત કબજે લેવડાવેલ. બનાવ સ્થળે અક્ષાંશ રેખાંશ જોતા ૨૩.૦૧૦ અને ૭૨.૩૭૫ હતા. બનાવ સ્થળથી દક્ષિણ તરફ ૨૫ ફુટ અંતરે ગંદા પાણીની તલાવડી પછી ભાગ્યોદય હોટલનો પાછળનો ભાગ હતો. ઉત્તરે ખુલ્લી જગ્યા પછી આશરે ૫૦ મીટર અંતરે દીવાલ હતી. પુર્વે ખુલ્લી પડતર જમીન અને પશ્ચિમે ખુલ્લી પડતર જમીન અને આર.સી.સી કોન્ક્રીટના છુટાછવાયા ઢગલા હતા. બનાવ સ્થળેથી કબજે લેવડાવેલ નમુનાઓ, મરણજનારના બનાવ સમયે પહેરેલ કપડા તથા ડોકટર દ્વારા લેવાયેલ બ્લડ સેમ્પલ જેવા નમુના તેમજ આરોપીઓ મળી આવેથી બનાવ સમયે પહેરેલા કપડા કબજે લઈ તેના વિશેષ પરીક્ષણ અર્થે એફ.એસ.એલ અમદાવાદ ખાતે મોકલવા સુચન કરેલ. ઉપરોકત સ્થળ પરીક્ષણ મે ૧૦:૦૦ કલાકથી ૧૧:૩૦ કલાક સુધી કરેલ. સ્થળ ઉપર મારો પરીક્ષણ અહેવાલ તૈયાર કરી સહી કરી હાજર પોલીસ કર્મચારીને સુપરત કરેલ અને પરીક્ષણ અહેવાલની ઓ.સી મા તેની રીસીવની સહી લઈ અમારી પાસે રાખેલ. મને નિ. ૧૦/૮ નો સ્થળ પરીક્ષણ અહેવાલ બતાવવામા આવે છે જે મે તૈયર કરેલ છે જેના

અંતે મારી સહી તથા હોદો બાંધેલ છે જે સહી મારી હોવાની હુ ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક–૩૮ આપવામા આવે છે. હું આજ રોજ મારી સાથે સ્થળ તપાસણી કરવા માટે પોલીસે મને જે યાદી આપેલી તે લાવેલ છુ જે રજુ કરુ છુ. તે યાદી તે જ છે જેના આધારે મે સ્થળ પરીક્ષણ કરેલુ. જેને રજુ દાખલ આંક–૩૯ આપવામા આવે છે.

(૨૫.૧) જયારે આ સાહેદની આરોપી તરફે તેઓના વિ.વ. શ્રી મારફતે ઉલટ તપાસ કરવામા આવેલી છે અને તેમા તેઓએ જણાવેલ છે કે, બનાવના સ્થળે થી જે નમુના પોલીસે મારી હાજરીમા લીધેલા તે કપડાની બેગીમા પેક કરેલા. તે નમુના પોલીસે સીલ મારી કબજે લીધેલા. એ વાત ખરી છે કે, મારા સ્થળ તપાસણી અહેવાલમા લોહીના ડાઘા તાજા હતા કે જુના તે બાબતે કોઈ સ્પષ્ટતા નથી. એ વાત ખરી છે કે, આ પરીક્ષણ બાબતનો કોઈ ઉલ્લેખ મારા સ્થળ તપાસણી અહેવાલમા નથી.

(૨૫.૨) આમ આ સાહેદ એક સાયન્સટીફીક અધિકારી છે અને તેઓને ટેલીફોન વર્ઘી મળતા તેઓએ સ્થળ ઉપર જઈ તેઓની ફરજના ભાગરુપે કાર્યવાહી કરેલાનો પુરાવો આપે છે.

(૨૬) ફરિયાદી તરફે આંક:૪૦ થી સાહેદ જશવંતભાઈ મફતભાઈ પટેલને સોંગદપર તપાસવામા આવેલા છે અને તેઓએ તેમના કોર્ટ રુબરુમાના પુરાવામા એવી વિગત જણાવેલ છે કે, હું તા. ૨૩/૧/૨૦૨૧ ના રોજ સાણંદ પો.સ્ટે ખાતે ફરજ બજાવતો હતો. તા. ૨૩/૧ /૨૦૨૧ ના રોજ સાણંદ કોમ્યુનિટી હેલ્થ સેન્ટર મા વિજયભાઈ પ્રવિણભાઈ પરમારનુ ડોકટરે પી.એમ કર્યા બાદ લાશ ઉપરથી લીધેલ કપડા અમોને સોંપેલ. જે કપડાં અમોએ સાણંદ પો. સ્ટે. પી.આઈ રુબરુ રજુ કરેલ.

(૨૬.૧) જયારે આ સાહેદની આરોપીઓ તરફે તેઓના વિ.વ. શ્રી મારફતે ઉલટ તપાસ કરવામા આવેલી છે અને તેમા તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, મને ડોકટરશ્રીએ કયા કપડા આપેલા તે અંગેની કોઈ વીગત મે મારી સરતપાસણીમા જણાવેલ નથી. એ વાત ખરી છે કે, ડોકટરશ્રીએ મને મરણજનારના કપડા સિવાય અન્ય કાઈ ચીજવસ્તુ કે નમુના આપેલા નહી. એ વાત ખરી છે કે, મને ડોકટરશ્રીએ જે કપડા સોપ્યા તે મે તપાસ કરનાર અમલદારશ્રીએ સોંપી દીધેલ તે સિવાય અન્ય કાઈ વીગતની મને ખબર

નથી.

(૨૬.૨) આમ આ સાહેદનો પુરાવો જોતા આ સાહેદ એક પોલીસ કર્મચારી છે અને તેઓની ફરજા ભાગરુપે તેઓને કામગીરી કરેલી છે , આ સિવાય તેઓ બીજી કોઈ મહત્વની વિગતે પુરાવો આપતા નથી.

(૨૭) ફરિયાદી તરફે આંક: ૪૩ થી સાહેદ ડોકટર કીન્નર રમેશભાઈ પટેલને સોંગદપર તપાસવામા આવેલા છે અને તેઓએ તેમના કોર્ટ રુબરુમાના એવી વિગત જણાવેલ છે કે,તા. ૨૩/૧/૨૦૨૧ ના રોજ હું સાણંદ સી.એચ.સી ખાતે મારી ફરજ ઉપર હાજર હતો ત્યારે સાણંદ પોલીસ સ્ટે. ના પી.આઈ શ્રી એચ.બી.ગોહીલ ધ્વારા સવારે સાડા નવ કલાકે એક લાશ પોસ્ટમોર્ટમ માટે અમારા તરફ મોકલવામા આવેલ. જે લાશનુ શબ પરીક્ષણ અમે ૧૧:૧૦ વાગે શરુ કરેલ અને ૧૨:૧૦ કલાકે પુર્ણ કરેલ. આ લાશ મરણ જનારના પિતા પ્રવિણભાઈ નટુભાઈ પરમારનાઓએ ઓળખી બતાવેલી. આ લાશની બાહય પરીક્ષા કરતા લાશ ઉપરના કપડા લોહીથી ખરડાયેલ અને પાણીથી ભીના અને કાદવના ડાઘાવાળા હતા. આ લાશના શરીર ઉપર માત્ર એક ભુરા કલરનુ શર્ટ હતુ. આ લાશનું શારીરીક બંધારણ દુબળુ અને લાશ ઠંડી હતી. લાશના આખા શરીરના ભાગે રાઈગર મોર્ટીસની હાજરી હતી. લાશના શરીર ઉપર પી.એમ લીવીડીટીની હાજરી પણ જોવા મળેલી. આ શબનો દેખાવ જોતા આંખો અડધી ખુલ્લી હતી, કાન અને નાકમાથી લોહી નીકળતુ હતુ. મોઢું અર્ધ ખુલ્લુ હતુ. દાંત અને જીભ મોઢાની અંદર હતા. ગુપ્ત ભાગ ઉપર કોઈ પણ પ્રકારની ઈજા ન હતી. આ લાશની બાહય ઈજાઓ જોતા નીચે મુજબ હતી.(૧) ખોપરીનો ભાગ છુંદી કાઢવામા આવેલો. કોમ્પ્રેસ્ડ ફ્રેકચર હતુ જે ખુબ મોટુ હતુ. જે સાઈઝ અને શેપમા ઈરેગ્યુલર હતુ અને મગજ સુધી ઉંડુ હતુ. (૨) આ લાશના જમણી તરફના ચહેરાના ઉપરના ભાગે એક મોટો ઘા હતો. (૩) મોઢા ઉપર અન્ય ત્રણ જગ્યાએ પણ ઈજાઓ હતી. જે સાઈઝ અને શેપમા ઈરેગ્યુલર હતી. અને તેને વર્ણવી શકાય તેવી ન હતી. (૪) આ લાશના જમણા અને ડાબા મેન્ડીકલ ઉપર ફ્રેકચર હતુ. આ શબની આંતરિક તપાસ કરતા ફ્રેકચરની નીચે મગજ આખુ છુંદાઈ ગયેલ હતુ અને ફીકુ હતુ. બધા અવયવો ફીકા હતા. હોજરી ખાલી હતી. મોઢું છુંદાઈ ગયેલુ હતુ. આ

લાશનું મૃત્યુ મગજની ઈજા અને સખત રકતસ્ત્રાવને કારણે થયેલુ તે મતલબનો અભિપ્રાય મે આપેલો. મને નિ. ૧૦/૯ વાળી પી.એમ નોટ બતાવવામા આવે છે જે મે મારા સ્વહસ્તાક્ષરમા તૈયાર કરેલી અને તેમા મારા હોદાનો સીલ તથા સહી છે જે હુ ઓળખી બતાવુ છુ. જેને રજુ દાખલ આંક–૪૪ આપવામા આવે છે. આ લાશનુ પી.એમ કરવા મને જે યાદી મળેલી તે યાદી હું આજ રોજ મારી સાથે લાવેલ છુ જે હું રજુ કરુ છુ. જે યાદી સ્વીકાર્યા બદલ તેમા મારી સહી છે. જે હું રજુ કરુ છુ જેને રજુ દાખલ આંક–૪૫ આપવામા આવે છે. આ લાશને થયેલ ઈજાઓ સખત અને બોથડ પદાર્થથી થઈ શકે તેવી હતી. મને આ કામે કબજે લીધેલ મુદામાલ કોન્ક્રીટના પથ્થરો બતાવવામા આવે છે જે જોઈને કહુ છુ કે, આ લાશ ઉપર જે ઈજાઓ હતી તે આવા પથ્થરથી થઈ શકે.

(૨૭.૧) જયારે આ સાહેદની આરોપી નં.૧ તરફે તેઓના વિ.વ. શ્રીએ ઉલટ તપાસ કરેલી છે અને તેમા તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, શબના અકડાવાની પ્રક્રિયા મૃત્યુના બાર કલાક સુધી ચાલે ત્યારબાદ બાર કલાક તે સ્ટેડી રહે અને ત્યારબાદ તે ૨૪ કલાક બાદ ધીમે ધીમે રીવર્સ થવાનુ ચાલુ થાય. પરંતુ આ તમામ પ્રક્રિયા વાતાવરણને આધારીત છે. મેં જે લાશનું પી.એમ કરેલુ તેનું શરીર અકડાવાનુ ચાલુ થઈ ગયેલ. આ લાશ અમારી પાસે પી.એમ માટે આવી તેના ચોવીસેક કલાક પહેલા જે તે વ્યકિતનુ મરણ થયેલ હશે. જયારે આ સાહેદની આરોપી નં.ર તરફે જે ઉલ્ટ તપાસ કરવામા આવેલી છે અને તેમા તેઓએ જણાવેલ છે કે, આ લાશનુ માથુ સાત આઠ કલાક સુધી પાણીમા ભીંજાયેલુ હતુ. એ વાત ખરી છે કે, આ લાશના માથા ઉપર જે ઈજાઓ હતી તે ઈંટ કે પથ્થરથી પણ થઈ શકે.

(૨૭.૨) આમ આ સાહેદનો પુરાવો જોતા આ સાહેદ પોતે એક મેડીકલ ઓફિસર છે અને તેઓ જયારે તેમની ફરજમા હતા ત્યારે મરણ જનારની લાશ પી.એમ. કરવા માટે તેઓની તરફ લાવતા તેઓએ પી.એમ. કરી તેનુ સર્ટીફિકેટ આપેલાનો પુરાવો આપે છે.

(૨૮ ) ફરિયાદી તરફે આંક: ૪૬ થી સાહેદ હસમુખભાઈ બચુભાઈ ગોહીલને સોંગદપર તપાસવામા આવેલા છે અને તેઓએ તેમના સરતપાસના પુરાવામા એવી વિગત જણાવેલ છે કે તા. ૨૨/૧/૨૦૨૧ ના રોજ અમે સાણંદ પોલીસ સ્ટે. મા પી.આઈ તરીકે ફરજ બજાવતા

હતા તે દરમિયાન ફરીયાદીએ લખાવેલ ફરીયાદ અમારા રુબરુ લખી લઈ દાખલ કરવા પી.એસ.ઓ ને આપતા પી.એસ.ઓએ દાખલ કરી આગળની તપાસ અમોને સોંપતા આગળની તપાસ સંભાળી લઈ ઉપરી અધીકારીને જાણ કરવા ભારે ગુનાનો સ્પેશીયલ રીપોર્ટ કરેલ. બાદ મરણજનારનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચો રુબરુ કરી લઈ મરણોતર ફોર્મ તથા પી.એમ કરાવવાની યાદી મેડીકલ ઓફીસરશ્રી સાણંદનાઓને આપેલ અને પી.એમ કરાવવા તજવીજ કરેલ. બાદ ગુનાવાળી જગ્યાની વીઝીટ કરી રાત્રીનો સમય હોઈ ગુનાવાળી જગ્યાએ પોલીસ કોન્સ્ટેબલનો પહેરો રાખેલ. બાદ તા. ૨૩/૧/૨૦૨૧ ના રોજ સવારે એફ.એસ.એલ અધીકારીશ્રી પધારતા તેમની સાથે રહી બે પંચો રુબરુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરી લઈ ગુનાવાળી જગ્યાએથી એફ.એસ.એલ અધીકારીશ્રીના જણાવ્યા મુજબના નમુનાઓ પંચનામાની વીગતે કબજે કરેલ. અને એફ.એસ.એલ અધીકારી શ્રીનાઓએ આપેલ સ્થળ પરીક્ષણ અહેવાલ વંચાણે લઈ કામમા સામેલ રાખેલ. બાદ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લેવામા આવેલ. અને મરણજનારનુ શબ પી.એમ કરનાર ડોકટરશ્રીએ હેડ કોન્સ્ટેબલ મારફતે મોકલી આપતા પંચનામાની વીગતે કબજે કરેલ. તથા આ કામના આરોપીઓ મળી આવતા તેમની શરીરસ્થિતીનુ પંચનામુ કરેલ અને ગુનાના કામે અટક કરેલ અને પકડાયેલ બંને આરોપીઓના બ્લડ સેમ્પલ લેવડાવવામા આવેલ. આરોપીઓએ બનાવ સમયે પહેરેલા કપડા પંચનામાની વીગતે કબજે કરી ગુનાના કામે કબજે કરેલ તમામ મુદામાલ પાવતીઓ તૈયાર કરી એફ.એસ.એલ રવાનગી ફોર્મ ભરી લઈ તપાસના કામે એફ.એસ.એલ અમદાવાદ ખાતે મોકલી આપેલ. આરોપી સંજય પ્રવિણભાઈ પરમારે ગુનો કર્યા બાદ સાહેદોને મોબાઈલ ફોન ધ્વારા ગુના અંગે જાણકારી આપેલ હોય આરોપીની કોલ ડીટેઈલ મંગાવી કામે સામેલ રાખેલ. અને મરણજનારની પી.એમ નોટ સામુહિક આરોગ્ય કેન્દ્ર સાણંદ ખાતેથી મળતા ગુનાના કામે સામેલ રાખેલ. આરોપીઓ સામે પુરતા પુરાવા પડતા હોઈ ચાર્જશીટ કરવામા આવેલ. મને નિ. ૧૦/૬ નુ આરોપીઓએ બનાવ સમયે પહેરેલ કપડાનુ પંચનામુ બતાવવામા આવે છે જે મે બે પંચોની રુબરુમા કરેલ છે જેમા પંચોએ મારી રુબરુમા સહી કરેલ છે અને રુબરુમા મારી સહી છે જે હુ

ઓળખી બતાવુ છુ. જેને રજુ દાખલ આંક–૪૭ આપવામા આવે છે. મને આંક–૩૨ ની ફરીયાદ બતાવવામા આવે છે જે મે ફરીયાદીના લખાવ્યા મુજબ લખેલી છે જેમા ફરીયાદીએ મારી રુબરુમા સહી કરેલ અને રુબરુમા મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ. મને આંક–૧૩ નુ ઈન્કવેસ્ટ પંચનામુ, આંક–૧૮ નુ ગુનાવાળી જગ્યાનુ પંચનામું , આંક–૨૫ નું મરણજનારના કપડાનુ પંચનામુ બતાવવામા આવે છે જે તમામ પંચનામા મેં બે પંચોની રુબરુમા કરેલ જેમા પંચોએ મારી રુબરુમા સહી કરેલ અને રુબરુમા મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ. મને નિ. ૧૦/૨ નુ સુચિપત્ર બતાવવામા આવે છે જેમા મારી સહી છે જેને રજુ દાખલ આંક–૪૮ આપવામા આવે છે. મને નિ. ૧૦/૪ વાળુ મરણોતર રીપોર્ટ બતાવવામા આવે છે જે મે તૈયાર કરેલ છે જેમાં મારી સહી છે જેને રજુ દાખલ આંક–૪૯ આપવામા આવે છે. મને નિ. ૧૦/૧૨ ની રવાનગી નોંધ બતાવવામા આવે છે જે મે તૈયાર કરેલ છે જેમા મારી સહી છે જેને રજુ દાખલ આંક–૫૦ આપવામા આવે છે. મને નિ. ૧૦/૧૩ ની એફ.એસ.એલ ની પહોંચ, નિ. ૧૦/૧૫ નો એફ.એસ.એલ નો લેટર સાથે અહેવાલ, નિ. ૧૦/૧૬ નો સીરોલોજીનો રીપોર્ટ તથા નિ. ૧૦/૧૭ નુ જાહેરનામુ બતાવવામા આવે છે જે મે તમામ કામમા સામેલ રાખેલ જેને અનુક્રમે રજુ દાખલ આંક–૫૧ થી ૫૪ આપવામા આવે છે. આરોપીઓને હું ઓળખુ છુ. મને કબજે કરેલ મુદામાલ બતાવવામા આવે છે જે હું ઓળખી બતાવુ છુ.

(૨૮.૧) જયારે આ સાહેદની આરોપી તરફે તેઓના વિ.વ. શ્રી મારફતે ઉલટતપાસ કરવામા આવેલી છે અને તેમા તેઓએ જણાવેલ છે કે, આ ગુનો બન્યાની જાણ મને રાત્રીના સાડા અગીયારની આસપાસ થયેલી. આ ગુનાની જાણ મને ફોન આવવાથી થયેલી. મને ટેલીફોન પોલીસ કર્મચારી ધ્વારા કરવામા આવેલો. સાણંદ પોલીસ સ્ટે. થી ગુનાનુ સ્થળ વાહનમા જઈએ તો પણ ૧૫–૨૦ મિનીટમા પહોંચાય એટલે દુર આવેલુ છે. મને જે વર્ધી મળી તે ખુન થયા અંગેની મળેલી. એ વાત ખરી છે કે, આ ગુનો ખુનનો હતો તેથી ઉપરી અધીકારીનો વીઝીટેશન ફરજિયાત છે. એ વાત ખરી છે કે, ડી.વાય.એસ .પી શ્રી એ બનાવના સ્થળની મુલાકાત લીધેલી. ડી.વાય.એસ.પી શ્રીએ આવી મુલાકાત બીજા

દિવસે સવારે લીધેલી. તેઓ બીજા દિવસે સવારે આશરે નવ દસ વાગે બનાવના સ્થળે પહોંચ્યા હશે. એ વાત ખરી છે કે, ગુનાવાળી જગ્યાનુ નજીકમા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ આવેલુ છે. એ વાત ખરી છે કે, ડી.વાય.એસ.પી શ્રી વીઝીટેશનમા આવ્યા ત્યારે મરણજનારની લાશ બનાવના સ્થળે ન હતી. હું બનાવના દિવસે રાત્રે બનાવના સ્થળ ઉપર પહોંચ્યો ત્યારે ગામના માણસો બનાવના સ્થળે હાજર હતા. એ વાત ખરી છે કે, મેં બનાવના સ્થળે ઈન્કવેસ્ટ ભરેલુ નહી. હું બનાવના સ્થળે પહોંચ્યો ત્યારે આશરે પચાસ થી સીતેરની વચ્ચે માણસો ભેગા થઈ ગયેલ હતા. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાએ રાત્રે અંધારુ હોય છે. આજે માણસો ભેગા થયેલા તેમા મરણજનારના સગા સંબંધીઓ હાજર છે કે કેમ તે બાબતે મે તપાસ કરેલી. એ વાત ખરી છે કે, બનાવના સ્થળે મે આ બનાવ અંગે ફરીયાદ લેવાની કે સાહેદોના નિવેદનો લેવાની કોઈ વ્યવસ્થા કરેલી નહી. મેં બનાવના દિવસે રાત્રીમા કયા કર્મચારીઓને બનાવના સ્થળે ગોઠવેલા તેઓના નામ મને હાલ યાદ નથી. બનાવવાળી જગ્યાએથી સામુહિક આરોગ્ય કેન્દ્ર સાણંદ પંદરેક મિનીટના અંતરે આવેલ હશે. મેં બનાવવાળી જગ્યાએ લાશને યોગ્ય રીતે જોયેલી. એ વાત ખરી છે કે, આ લાશ પાણીમા પલળેલી અને અર્ધનગ્ન હાલતમાં હતી. એ વાત ખરી છે કે, ગુજરનારનુ માથું પણ પાણીથી પલળેલુ હતુ.એ વાત ખરી છે કે, આ લાશ કેટલા વાગે અને કયા વાહનમા સામુહિક આરોગ્ય કેન્દ્ર સાણંદ ખાતે લઈ જવામાં આવેલી તે અંગેનો કોઈ પુરાવો મેં મારી તપાસમાં સામેલ રાખેલ નથી. એ વાત ખરી છે કે, મરણજનારની લાશને જે વાહનમાં સાણંદ સામુહિક આરોગ્ય કેન્દ્ર લઈ ગયા તે વાહન ચાલકનુ કોઈ નિવેદન મેં નોંધેલુ નથી. હું ફરીયાદીની ફરીયાદ લીધા બાદ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ગયેલો. એ વાત ખરી છે કે, આ લાશનું ઈન્કવેસ્ટ મેં રાત્રીના ૩:૧૫ થી ૪:૧૫ ની વચ્ચે કરેલુ. એ વાત ખરી છે કે, મેં સૌ પ્રથમ ગુનાવાળી જગ્યાની વીઝીટ કરી ત્યારે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલ નહી. એ વાત ખરી છે કે, સ્થળ પરીક્ષણ માટે એફ.એસ.એલ ની ટીમને મે બનાવના દિવસે જ બોલાવેલ. એફ.એસ.એલ ની ટીમે બનાવના સ્થળની વીઝીટ લઈ અમને સુચનો કરેલા પરંતુ ફોટોગ્રાફી અને વીડીયોગ્રાફી કરવાનુ સુચન કરેલ નહી.

મેં મારી તપાસ દરમિયાન સર્કલ ઈન્સપેક્ટરશ્રી મારફતે ગુનાવાળી જગ્યાનો નકશો બનાવડાવેલો. મને આંક–૩૮ વાળો સ્થળ પરીક્ષણનો અહેવાલ બતાવવામા આવે છે જે જોઈને કહુ છુ કે, તેમા રીમાર્કસમા તેમ લખેલ છે કે , ફોટોગ્રાફી/ વીડીયોગ્રાફી કરવા માટે સુચન કરેલ છે. એ વાત ખરી છે કે, મેં મારી તપાસ દરમિયાન ગુનાવાળી જગ્યાની કોઈ ફોટોગ્રાફી કે વીડીયોગ્રાફી કરાવેલ નથી. એ વાત ખરી છે કે, આ કામે ગુનામા વપરાયેલ મુદામાલ પથ્થરો આરોપી પાસેથી કબજે કરેલ નથી. એ વાત ખરી છે કે, આ બનાવમાં નજરે જોનાર કોઈ સાહેદ નથી. એ વાત ખરી છે કે, આંક–૧૮ ના પંચનામામા જે મરણજનારનુ પેન્ટ કબજે લીધેલ તે પેન્ટ ઉપર કોઈ લોહીના ડાઘા જણાયેલ નહી. એ વાત ખરી છે કે, એ રીપોર્ટ મુજબ ગુજરનાર વિજય અને આરોપી નં. ૧ બંનેનું બ્લડ ગૃપ એકજ છે. એ વાત ખરી છે કે, આરોપી નં. ૨ ના પેન્ટ ઉપરથી જે લોહીના ડાઘા મળી આવેલ તેનુ બ્લડ ગૃપ સીરોલોજી વિભાગના રીપોર્ટ મુજબ અનિર્ણિત હતુ. એ વાત ખરી નથી કે, આરોપીઓ વીરુધ્ધ પુરતા પુરાવા ન હોવા છતાં મેં ખોટું ચાર્જશીટ કરેલ છે.

(૨૮.૨). આમ આ સાહેદનો સમગ્ર પુરાવો જોતા આ સાહેદે પણ આક્ષેપીત ગુનાની તપાસ મળતા તેઓએ તપાસ કરેલી છે,અને તેઓએ જે જે તપાસ કરેલી છે તેમા ઘણી બધી ત્રૃટીઓ રહી જવા પામેલી છે, અને તેનો સીધો લાભ આરોપીને ફાળે જાય છે આ સિવાય તેઓ બીજી કોઈ મહત્વની હકીકતે પુરાવો આપતા નથી અને તે સંજોગોમા આ સાહેદનો પુરાવો ફરિયાદ પક્ષના કેસને મદદકર્તા બની શકે નહી. વધુમા ફરિયાદી પોતે પણ ફરિયાદની વિગતને સમર્થન કરતા નાહોય અને તેઓ બનાવ નજરે જોનાર નાહોય તેમજ આક્ષેપીત ગુનાના કામે કોઈ સાંયોગીક પુરાવો પણ રેકર્ડ પર આવેલ નાહોય તેમજ આ સાહેદે ગુનાની સંપુર્ણ તટસ્થ તપાસ કરેલી નાહોય અને તે સંજોગોમા આ સાહેદનો પુરાવો પણ ફરિયાદ પક્ષના કેસને મદદકર્તા બની શકે નહી.

(૨૯). આ સિવાય બીજો કોઈ પુરાવો ફરિયાદી પક્ષ તરફે રજુ રાખવામા આવેલ નથી. આમ ફરિયાદી તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો જોતા તેમજ આરોપી સામે જે ગુનાનો આક્ષેપ છે તેના તત્વો જોતા...

District & Sessions Court Ahmedabad Rural सत्यमेव जयते

**ઈ.પી.કો.ક. ૩૦૨. ખુન માટે સજા...**

*'' કોઈપણ વ્યકિત,ખુન કરે તેને દેહાંત દંડ અથવા કઆજીવન કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર થશે. ''*

આમ આરોપીઓ સામે આક્ષેપીત ગુનાના તત્વો જોતા તેમજ રજુ રેકર્ડ પરનો પુરાવો જોતા તેમજ ઉપરોકત કરેલી વિગતેની ચર્ચા જોતા આક્ષેપીત ગુનાના કામે એક પણ સાહેદ બનાવ નજેર જોનાર સાહેદ નથી,તેમજ એક પણ સાહેદ એવી વિગત જણાવતા નથી કે તેઓએ મરણ જનારને અને હાલના આરોપીઓને છેલ્લે એક સાથે જોયેલ હોય, ફરિયાદી અને તેઓના તરફે તપાસવામા આવેલા તમામ સાહેદો ફરી ગયેલા છે, પંચ સાહેદોને પણ વિમુખ જાહેર કરવામા આવેલા છે, અને તપાસવામા આવેલા તમામ સાહેદો પૈકી એક પણ સાહેદ બનાવ નજરે જોનાર નથી, તેમજ હાલના આરોપીને બનાવ સ્થળે મરણ જનાર સાથે છેલ્લે કોઈએ જોયા હોય કે બનાવના દિવસે આરોપી મરણ જનારનો પીછો કરી પાછળ પાછળ જતો હોય તેવો પણ કોઈ જ પુરાવો રેકર્ડ પર આવેલ નથી, તેમજ આ કામે રજુ પુરાવો તથા ઉપરોકત કરેલ પુરવાનુ વિશ્લેક્ષણ જોતા તેમજ કાયદાકીય પરિસ્થિતિ ધ્યાને લેતા ફરિયાદી પક્ષ ધ્વારા આરોપી વિરુધ્ધ આક્ષેપાયેલ ગુનો પોતાના મૌખિક અને દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરવાની કાયદાથી ફરિયાદ પક્ષની જવાબદારી અને આરોપી વિરુધ્ધ આક્ષેપાયેલ ગુનો આરોપીએ અને માત્ર આરોપીએ જ તેઓ વિરૂધ્ધ ફરમાવવામા આવેલ ચાર્જ મુજબ કરવામા આવેલો છે તે હકીકત નિ:શંકપણે પુરવાર કરવામા ફરિયાદી પક્ષ સફળ થયેલ નથી. કાયદા તથા ક્રિમીનલ જયુરીશપ્રુડન્સ મુજબ આરોપી સામેનો આક્ષેપ પુરવાર ના થાય ત્યાં સુધી આરોપી નિદોર્ષ હોવાનુ અદાલતે અનુમાન કરવાનુ છે, તેમજ રજૂ થયેલ પુરાવાના અંતે પુરાવો સંપુર્ણપણે વિશ્વાસપાત્ર અને માનવા લાયક ના જણાય અથવા તો ગુનો આરોપીએ જ કરેલ છે કે કેમ ? તે બાબતે શંકા ઉપસ્થિત થાય તેવા સંજોગોમા અદાલતે આરોપીની તરફેણમા ઉભા થતા અનુમાનને ધ્યાને લઈ શંકાનો લાભ આરોપીને આપવાનો રહે છે,આ કામે એક નિર્દોષ બાળકનુ અપમૃત્યુ થયાનુ નિશંકપણે પુરવાર થયુ છે. આ ધ્રુણાસ્પદ અને હિચકારા કૃત્યમાં સંડોવાયેલ કોઈપણ

વ્યકિત પ્રત્યે સહેજ પણ દયા રાખી શકાય નહિ. પરંતુ અદાલતનુ કામ લાગણી કે સહાનુભુતિથી દોરવાઈને નિર્ણય કરવાનુ નથી પરન્તુ અદાલતના નિર્ણયો માત્ર રજુ થયેલ પુરાવાઓનુ કાયદાની મર્યાદામાં રહી કરવામાં આવેલ મુલ્યાંકનના આધારે લેવાય છે. આ કામના આરોપી વિરુધ્ધના આક્ષેપો અત્યંત ગંભીર પ્રકારના ગુના અંગે છે પરંતુ ગુનાની ગંભીરતા માત્રથી આરોપીને દોષીત ઠરાવી શકાય નહિં. આરોપીને દોષીત ઠરાવવા માટે ફરીયાદ પક્ષના સઘળા આક્ષેપો ફરીયાદ પક્ષે નિશંકપણે પુરવાર કરવા જરુરી છે જે બાબત ધ્યાને લેતા આ કામે મરણ જનારને બનાવના દિવસે કરવામા આવેલી ઈજાના કારણે અને પુષ્કળ પ્રમાણમા લોહી વહી જવાના કારણે થયેલા આઘાતથી મરણ થયેલુ હોવાનુ અને ખુન થયેલ હોવાનુ રેકર્ડ પર આવે છે પરન્તુ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આક્ષેપાયેલ ગુનો અને મરણ જનારને હાલના આરોપીઓએ જ માર મારી ઈજાઓ કરેલી છે અને તે કારણે તેનુ મરણ થયેલ છે તે બાબત ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરવામા સફળ થતો નાહોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમા આપી મુદ્દા નં.ર અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

--:: **હુ ક મ** ::-

(૧) આ કામના આરોપી નં.૧. સંજયભાઈ પ્રવિણભાઈ પરમાર રહે. વાસણા, તા.સાણંદ, જી. અમદાવાદ. ૨. સંજુભાઈ બાબુભાઈ રાય રહે. આલ્ફા કંપનીની ઓરડીમાં,ઉમા એસ્ટેટ ભાગ્યોદય હોટલ પાછળ, વાસણા, તા. સાણંદ, જી. અમદાવાદ ને ક્રિ .પ્રો.કોડની કલમ-૨૩૫ (૧)અન્વયે ભારતીય દંડ સંહીતાની કલમ:૩૦૨,૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓમાંથી શંકાનો લાભ આપી ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રી. પ્રો. કોડકલમ ૪૩૭ (એ) (૧) મુજબ,સંભવીત અપીલના હેતુ માટે, ફરમાવવામાં આવે ત્યારે ઉચ્ચ અદાલતમાં હાજર થવા માટે, દરેક આરોપીએ અલગ અલગ રીતે રુપિયા ૫,૦૦૦/-(અંકે રુપિયા

પાંચ હજાર પુરાના) જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા છ માસના સમયગાળા માટે રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

(૩) મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

(૪) ક્રિમીનલ મેન્યુઅલના પેરા ૪૦(૨) મુજબ સદરહુ હુકમની જાણ અંગેની યાદી જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી, અમદાવાદનાઓને તથા સંબધીત તમામને કરવી.

હુકમ આજ તારીખના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

( સી.એસ. અઘ્યારુ )
સાતમા એડી.ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ,
અમદાવાદ(રુરલ)અમદાવાદ.
**જી.જે. ૦૦૭૦૭**

તારીખ:૨૧/૦૪/૨૦૨૩
( એસ.ટી. શ્રીમાળી)
**પી.એ.**

District & Sessions Court AhmedabadRural